Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-12, Issue-2, September-2018

# અકીક ઉધોગમાં આવેલ મંદીની અકીક ઉધોગના કામદારો પર થયેલ અસરોનો અભ્યાસ

આરતીબેન સુરેશભાઈ પટેલ
અધ્યાપક સહાયક સરદાર પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, બાકરોલ

**સારાંશ :-**

પ્રસ્તુત સંશોધન એ એક પ્રકારનું સામાજિક અને વ્યવહારુ સંશોધન છે.જેનો ઉપયોગ વ્યવહારમાં કરી શકાય છે.સામાજિક સંશોધન ધ્વારા સામાજિક જીવનમાં જ્ઞાન અને અનુભવોનો વધારો કરવાનો ધ્યેય હોય છે.આજના યુગમાં કોઈ પણ વ્યક્તિ નાની મોટી સમસ્યાથી પીડાતી હોય છે.પરંતુ જ્યારે જૂથ સમસ્યાથી અને આર્થિક સમસ્યાથી પીડાતી હોય ત્યારે સમસ્યાનો ઉકેલ લાવવો મુશ્કેલરૂપ બની જાય છે.માટે પ્રસ્તુત અભ્યાસ અકીક ઉધોગમાં આવેલ મંદીની કામદારો પર થયેલ અસર જાણવા હાથ ધરવામાં આવ્યો છે.જેમાં ઉપલભ્ય નિદર્શ પધ્ધતિ ધ્વારા ખંભાત શહેરના નાગધણીબા ગામના ૫૦ ઉત્તરદાતાને પસંદ કરવામાં આવ્યા હતા.સર્વેક્ષણ પધ્ધતિ દ્વારા મંદીની અસર જોવામાં આવી.મુલાકાત અનુસૂચી અને નિરીક્ષણ પધ્ધતિથી માહિતીનું એકત્રીકરણ કરી આલેખિત પધ્ધતિ ધ્વારા આંકડાકીય માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યું.અને મંદી પહેલા અને મંદી પછીની અસરોના તારણો તારવવામાં આવ્યા.

**શબ્દો**:-અકીક ઉધોગ ,મંદી ,અભ્યાસ

## ૧) પ્રસ્તાવના:-

અર્થશાસ્ત્ર વિષયનું સંશોધનએ એક વ્યવહારૂ અને સામાજિક કક્ષાનું સંશોધન છે.એટલે કે પ્રસ્તુત સંશોધનએ માત્ર કોઈ સમસ્યાનો ફક્ત અભ્યાસ જ નથી પરંતુ સાથે સાથે એ સમસ્યાને અનુરૂપ તેના ઉકેલ અંગેના વિવિધલક્ષી ઉપાયો અને માર્ગોનું પણ સૂચન કરે છે.પ્રસ્તુત સંશોધનનો ઉપયોગ વ્યવહારમાં કરી શકાય છે.સામાજિક સંશોધન એ એક પ્રક્રિયા છે.આ પ્રક્રિયાના ભાગરૂપે અભ્યાસની અંદર જુદી જુદી પધ્ધતિઓ,પ્રયુક્તિઓ અને પ્રવિધિઓનો વ્યવસ્થિત ઉપયોગ જરૂરી બની જાય છે.સામાજિક સંશોધન ધ્વારા સામાજિક જીવનમાં જ્ઞાનનો વધારો કરવાનો ધ્યેય હોય છે.

સંશોધન એ નાના પાયા પર અને મોટા પાયા પર એમ બંને કક્ષાએ થતા હોય છે.આ દરેક સંશોધનનો એક ચોક્કસ હેતુ કે ઉદ્દેશ હોય છે.સંશોધન સમસ્યાનો ચોક્કસ ઉકેલ લાવવા માટે

યોગ્ય પદ્ધતિનો ઉપયોગ થાય એ ધ્યાનમાં રાખવામાં આવે છે.

અહી પ્રસ્તુત અભ્યાસમાં આર્થિક મંદીના અસરરૂપ"અકીક ઉધોગમાં આવેલ મંદીની અકીકના કામદાર ઉપર થયેલ અસરોનો અભ્યાસ"સંશોધન કર્તાએ લઘુશોધ નિબંધ તૈયાર કરવાનું નક્કી કરેલ છે.

**૨) સમસ્યા કથન**:-

પ્રસ્તુત સંશોધનની સમસ્યા નીચે પ્રમાણે છે.

"અકીક ઉધોગમાં આવેલ મંદીની અકીકના કામદાર ઉપર થયેલ અસરોનો અભ્યાસ"

**૩)સમસ્યાના સમાવિષ્ટ શબ્દોની સમજ** :-

**અકીક ઉદ્યોગ** :-

અકીકની શોધ ઈ.સ પૂર્વે ત્રીજી સદીમાં ચીનમાં થઇ હતી. અકીક એ એક પ્રકારનો કુદરતી અને કિમતી પથ્થર છે જે ખંભાતમાં મળી આવે છે.ઉધોગ એ પ્રવૃત્તિ છે જેના દ્વારા માનવ જરૂરિયાતની ચીજ વસ્તુઓનું કે સેવાઓનું ઉત્પાદન કે વહેચણી થતી હોય છે.આમ,

અકીક ઉદ્યોગ એટલે અકીક નામના પથ્થરમાંથી બનતા આભૂષણો બનાવવાના વ્યવસાયમાં રોકાયેલ પેઢીઓ અને કામદારો.

**અભ્યાસ**:- અભ્યાસ એટલે કોઈ એક વિષય અંગે ખાસ સમય ખર્ચી માહિતી મેળવી અને મેળવેલ માહિતીનું પૃથક્કરણ કરી તે વિષયનું જ્ઞાન મેળવવું.

**મંદી**:- મંદી એટલે ભાવોમાં થતો ચક્રીય ઘટાડો

પ્રો. ક્રાઉથર ના મત મુજબ મંદી કે નાણા સંકોચ એવી સ્થિતિ છે કે જેમાં નાણાના મૂલ્યમાં વધારો થાય છે. અર્થાત વસ્તુની કિંમતમાં ઘટાડો થાય છે.

મંદી એક એવી સ્થિતિ છે કે જેમાં અસરકારક માંગમાં ઘટાડો થાય છે.જેના લીધે કિમતમાં પણ ઘટાડો થાય છે.કિમતમાં ઘટાડો થતા ઉત્પાદકોને યોગ્ય નફો મળતો નથી.ઉત્પાદનમાં ઘટાડો એ યંત્રો અને માનવને બેકાર બનાવી દે છે અને અંતે અર્થકારણ સ્થગિતતાનો ભોગ બને છે.જેથી મંદીની પરિસ્થિતિ સર્જાય છે.

**૪) અભ્યાસના હેતુઓ**:-

પ્રસ્તુત સંશોધનના હેતુઓ નીચે મુજબ છે.

૧) અકીક બનાવનાર કલાકારોની આર્થિક પરિસ્થિતિ અને સામાજિક પરિસ્થિતિ જાણવી.

૨) અકીક ઉધોગમાં મંદી પહેલા અને મંદી પછી અકીકના આભૂષણો બનાવનાર કલાકારોના જીવન પરની અસરો જાણવી.

૩) અકીકના આભૂષણો બનાવનાર કલાકારોને આ વ્યવસાયમાં પડતી મુશ્કેલીઓ જાણવી.

**૫) અભ્યાસના પ્રશ્નો** :-

પ્રસ્તુત સંશોધનના પ્રશ્નો નીચે મુજબ છે.

૧. અકીકના આભૂષણો બનાવનાર કલાકારોની આર્થિક અને સામાજિક પરિસ્થિતિ કેવી હશે?

૨.અકીક ઉધોગમાં મંદી પહેલા અને મંદી પછી અકીકના આભૂષણો બનાવનાર કલાકારોના જીવન પરની અસર શું જોવા મળી?

૩.અકીકના આભૂષણો બનાવનાર કલાકારોને આ વ્યવસાયમાં પડતી મુશ્કેલીઓ કેવી જાણવા મળી?

**૬) અભ્યાસમાં સમાવિષ્ટ ચલો:-**

પ્રસ્તુત સંશોધનમાં ચલ નીચે પ્રમાણે છે.

**૬.૧ સ્વતંત્ર ચલ:-** અકીક ઉધોગ

**૬.૨ ગૌણ સ્વતંત્ર ચલ :-** જાતી/કામદારો (સ્ત્રીઓ અને પૂરૂષો)

**૭) વ્યાપવિશ્વ અને નિદર્શ:-**

**વ્યાપવિશ્વ:-**

પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ એટલે ગુજરાત રાજ્યમાં આવેલા તમામ જિલ્લાઓ જ્યાં અકીકનું ઉત્પાદન થાય છે.

**નિદર્શ:-**

પ્રસ્તુત અભ્યાસની અંદર સંશોધકે ઉપલભ્ય નિદર્શનનો ઉપયોગ કરેલ છે.એટલે કે સંશોધન વિષય અંગે સ્વૈચ્છિક રીતે માહિતી આપવા તૈયાર થનાર.

જે –તે વ્યક્તિઓને નિદર્શ તરીકે પસંદ કરવામાં આવે છે.તેને ઉપલભ્ય નિદર્શન કહેવાય.પ્રસ્તુત અભ્યાસની અંદર સમષ્ટિનું કદ વિશાળ છે.નાગધણીબા ગામની અંદર આ વ્યવસાયમાં ઘણાં વ્યક્તિઓ રોકાયેલા હોવાથી આ અભ્યાસમાં જે વ્યક્તિઓ ઉત્તરો આપવા તૈયાર થાય તેવા ૫૦ ઉત્તરદાતાને પસંદ કરવામાં આવ્યા છે.

**૮) સંશોધન પદ્ધતિ:-**

સામાજિક સંશોધનએ સામાજિક જીવનની ઘટનાઓ અને પ્રવાહોનું વિશ્લેષણ કરવાની અને તેના આધારે સમાજજીવનને લગતા વૈજ્ઞાનિક ખ્યાલો અને સિદ્ધાંતો રચવા માટેની વૈજ્ઞાનિક પ્રવૃત્તિ છે.

પ્રસ્તુત સંશોધન પ્રાયોગિક નથી પરંતુ વ્યવહારિક સંશોધન છે.માટે સંશોધન સર્વેક્ષણ પદ્ધતિ ઉપર આધારિત છે.

**૯)માહિતીનું એકત્રીકરણ :-**

સંશોધનમાં વિષય સમષ્ટિ અને નમૂનાના આધારે માહિતીના એકત્રીકરણની પદ્ધતિ પસંદગી કરવામાં આવે છે.માહિતી એકત્રીકરણ માટે ઘણી બધી બાબતો પર ધ્યાન આપવામાં આવે છે.અને ત્યારબાદ માહિતી એકત્રીકરણની પદ્ધતિ નક્કી કરવામાં આવે છે.માહિતીના બે પ્રકાર છે.૧)પ્રાથમિક માહિતી ૨)ગૌણ માહિતી

**૧) પ્રાથમિક માહિતી** :-પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે પ્રાથમિક માહિતી મેળવવા માટે નીચે મુજબની રીતોનો ઉપયોગ કરેલ છે.

**૧.૧.) મુલાકાત અનુસૂચી**:-

મુલાકાત લેનાર અભ્યાસ હેઠળની વ્યક્તિને રૂબરૂ મળીને પત્રક અનુસાર પ્રશ્નો પૂછે છે.અને મળતા જવાબો આ પત્રકમાં મુલાકાત લેનાર પોતે જ ભરે છે.પ્રસ્તુત અભ્યાસની અંદર સંશોધકે અનુસૂચીનો ઉપયોગ કરેલ છે.કારણકે અભ્યાસ હેઠળના જે ઉત્તરદાતાઓ છે તે અકીક ઉધોગના કામદારો છે.આથી તે બધાં શિક્ષિત હોય તે જરૂરી નથી,માટે આ અભ્યાસની અંદર પ્રશ્નાવલીના બદલે અનુસૂચી ઉત્તમ ગણાય.

**૧.૨.) નિરીક્ષણ** :-

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધક જ્યારે માહિતી મેળવવા માટે ઉત્તરદાતા પાસે જાય છે.ત્યારે સંશોધકને ઉત્તરદાતાનાં ચહેરાના હાવભાવ પરથી લાગે કે ઉત્તરદાતા જવાબ આપવા સંકોચ અનુભવે છે.તો સંશોધક તે સંબંધી ચર્ચા કરી ઉત્તરદાતાઓનો સંકોચ દૂર કરવા પ્રયત્ન કરે છે.

**૨) ગૌણ માહિતી**:-પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે નીચે પ્રમાણેની ગૌણ માહિતીનો ઉપયોગ કરેલ છે.

**૨.૧)ગ્રંથાલય પદ્ધતિ** :-

સંશોધન કાર્યમાં પ્રારંભિક માહિતી મેળવવા અને પ્રારંભિક કામગીરી કરવા માટે ગ્રંથાલયનો ઉપયોગ મહત્વનો છે.પ્રસ્તુત અભ્યાસમાં સંશોધનના પુસ્તકો ,સમાચારપત્રો,લેખો,સામયિકો વગેરેનો ઉપયોગ ગ્રંથાલય ધ્વારા સંશોધનકર્તાએ કરેલ છે.

**૨.૨)ઈન્ટરનેટ**:-

પ્રસ્તુત અભ્યાસની અંદર સંશોધનકર્તાએ અભ્યાસની માહિતી ઈન્ટરનેટ ધ્વારા મેળવી છે.કારણકે અકીક ઉધોગ અંગે પુસ્તક કે સામયિકમાંથી માહિતી ઓછી મળતી હોવાથી સંશોધનકર્તાએ ઈન્ટરનેટનો પણ ઘણો ઉપયોગ કરેલ છે.

**૧૦) માહિતીનું વર્ગીકરણ અને વિશ્લેષણ**:-

સંશોધકનો મુખ્ય હેતુ અકીક ઉધોગમાં આવેલી મંદીની અકીકના કામદારો ઉપર થયેલી અસરોનો અભ્યાસ છે.આ હેતુ સિદ્ધ કરવા માટે મુલાકાત અનુસૂચી દ્વારા માહિતી એકત્ર કરવામાં આવી છે.આ એકત્ર કરેલ આંકડાકીય માહિતીનું પૃથ્થકરણ આલેખિત દ્વારા કરવામાં આવ્યું છે.તથા ગુણાત્મક માહિતી દ્વારા સંખ્યાત્મક સ્વરૂપ આપી વર્ગીકરણ કરવામાં આવ્યું છે.

**૧૧) અભ્યાસના તારણો**:-

- **ઉત્તરદાતાની સામાજિક અને આર્થિક માહિતી દર્શાવતા તારણો**:-

૧) ઉત્તરદાતાઓને પોતાનું મકાન છે.આથી સ્પષ્ટ થાય છે કે અકીક ઉધોગના કામદારો પોતાનું મકાન ધરાવવા સક્ષમ છે.

૨) ઉત્તરદાતા મધ્યમવર્ગીય જીવન ધોરણ ધરાવે છે.આવક સારી છે તેમાંથી બચત કરે છે.સુખ સગવડના સાધનો પણ ધરાવે છે.

૩)અકીક ઉદ્યોગના મોટા ભાગના કામદારો વધારે સમયથી સંકળાયેલા છે આથી મંદીની અસર તેમના પર વધારે થઇ હશે.

4) ઉત્તરદાતાને અકીક ઉદ્યોગએ રોજગારી મેળવવાનો ઉત્તમ સ્ત્રોત હતો.તેથી કુટુંબીજનો પોતાના સભ્યોને અકીકના વ્યવસાયમાં મૂકતા હતા.

- **મંદી પહેલા અને પછી ઉત્તરદાતાના જીવન પર પડેલી અસરો:-**

૧) ઉત્તરદાતાને મંદી પહેલાના સમયની અંદર ઘર ચલાવવા માટે અકીક ઉદ્યોગ સિવાય અન્ય કોઈ વ્યવસાય કે મદદની જરૂર ન હતી.

૨)મંદી પહેલાના સમય દરમિયાન ઉત્તરદાતા બચત કરતા ન હતા.

૩) અકીક ઉદ્યોગમાં મંદી પછી થોડી જાગૃતિ આવી છે તેઓ આ વ્યવસાયમાં ફરીથી સેટ થઇ ગયા છે ૫૦% જેટલા ઉત્તરદાતાઓ મંદી પછી બચત કરે છે.

- **ઉત્તરદાતાના અભિપ્રાયો દર્શાવતા તારણો**

૧) અકીક ઉદ્યોગના અમુક કામદારો પોતાનું શોષણ થયું છે તેમ માને છે એટલે કે મંદી દરમિયાન માલિક દ્વારા ચૂકવવામાં આવતું ઓછું વળતર પણ એક પ્રકારનું શોષણ છે.

૨)અકીક ઉદ્યોગને અન્ય ઉદ્યોગ કરતા સારો ગણે છે એટલે કે જરૂરીયાત સંતોષવા માટે મહત્વનો છે.

**૧૨) ભાવિ સંશોધનો અંગેના સૂચનો:-**

- ભાવિ સંશોધનો આ જ વિષયને અનુલક્ષીને અન્ય વ્યાપવિશ્વ કે વિસ્તાર લઇ સંશોધન કરી શકે છે.
- ભાવિ સંશોધકો સોના,ચાંદી તથા અન્ય વસ્તુઓના આભૂષણો બનાવતા કામદારોની સ્થિતિઓ અભ્યાસ હાથ ધરી શકે છે.
- ભાવિ સંશોધકો ભારતમાં અને ગુજરાતમાં આવેલ તમામ પ્રકારના ઉદ્યોગમાં આવેલ તેજી-મંદીની અસરોનો અભ્યાસ હાથ ધરી શકે છે.
- ભાવિ સંશોધકો આવા ઉદ્યોગોના ઉદ્યોગ સાહસિકો પર પણ અભ્યાસ હાથ ધરી શકે છે.

**૧૩) ઉપસંહાર :-**

ભારત જેવા વિકસતા દેશો આર્થિક વિકાસ પ્રાપ્ત કરવા માટે સતત પ્રયત્નશીલ હોય છે.આર્થિક વિકાસની પ્રક્રિયા લાંબી અને કષ્ટદાયક હોય છે.વસ્તી વધારાને કારણે આર્થિક વિકાસમાં મુશ્કેલી ઉભી થાય છે.અને તેના કારણે આપણા અર્થતંત્રમાં મંદી આવ્યા જ કરે છે.માટે પ્રસ્તુત અભ્યાસ દ્વારા અકીક ઉદ્યોગમાં કામ કરતા કામદારોની સ્થિતિ ચકાસવામાં આવી છે.સાથે મંદીની આર્થિક અસરો ચકાસવામાં આવી છે.આ અભ્યાસ ચકાસતા જાણવા મળ્યું કે અકીકના

ઉધોગમાં સારી આવક હોવાથી કામદારો આ જ ઉધોગમાં રહેવા માંગે છે.મંદીની પરિસ્થિતિમાંથી પસાર થઇ ગયા બાદ કામદારો ભવિષ્ય માટે બચત કરતા જોવા મળે છે.આ ઉધોગમાં કામ કરતા કામદારો અકીક ઉધોગને અન્ય ઉધોગ કરતા સારો ગણે છે.

**સંદર્ભસૂચિ** :-

પરમાર બી. ડી (૨૦૦૭-૦૮).સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર. સી.જમનાદાસ કંપની,પ્રથમ આવૃત્તિ
વાઈવાડા. દાસબહાદુર.અકીકઉધોગ, શ્રી હરિદર પુસ્તકાલય
દવે, જે. કે (૨૦૦૪-૦૫).સામાજિક સંશોધન પધ્ધતિઓ,અનડા બુક ડેપો ,પ્રથમ આવ્રુતિ
ઉચાટ ડી.એ (૧૯૮૮).સંશોધન પ્રારભ રાજકોટ શિક્ષણશાસ્ત્ર ભવન,સૌરાષ્ટ્ર યુનિવર્સિટી .
શાહ દીપિકા બી.(૨૦૦૪)શૈક્ષણિક સંશોધન અમદાવાદ:યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ.
દવે પી.એન.(૧૯૯૪).શૈક્ષણિકસંશોધન અને આંકડાશાસ્ત્ર,અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણબોર્ડ.